જી૨૦૫।૩૦૧

ક્રમાંક : જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૧-૨૨/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : ૨૩ -૦૨ - ૨૦૨૨

सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ના ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોની સમાન પરીક્ષા અને તેના સમયપત્રક અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા ૧૨/૦૨/૨૦૨૦

(૨) GCERTની સીંગલ ફાઈલ નંબર-૨ તારીખ ૨૧/૦૧/૨૦૨૨ પર મળેલ શિક્ષણ વિભાગની મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવા માટે દ્વિતીય સત્રાંત પરીક્ષાનું સમયપત્રક આ સાથે સામેલ છે જે માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1. સદર કસોટીમાં ધોરણ 3 થી 8 ના તમામ વિષયોમાં દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
2. ગુજરાતી(પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયની સમાન કસોટીઓ અમલી કરવાની રહેશે. બાકીના વિષયોની કસોટી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળા સ્વૈચ્છિક રીતે લઈ શકશે. સરકારી પ્રાથમિક શાળાઓમાં તમામ શૈક્ષણિક વિષયોની સમાન કસોટીઓનો અમલ કરવાનો રહેશે.
3. જે શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.
4. પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિ - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ કોર્પોરેશનમાં શાસનાધિકારીશ્રીની રહેશે.
5. ધોરણ 3 અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્તરો અલગ ઉત્તરવહીમાં પેનથી લખવાના રહેશે.
6. સામાજિક વિજ્ઞાન વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા તંત્રએ/કોર્પોરેશને કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.
7. પરીક્ષાના પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે.

Scanned with CamScanner

8. આ પરીક્ષામાં દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ સામેલ કરવામાં આવેલ છે. આ માટે પ્રતિનિધિત્વરૂપ અધ્યયન નિષ્પત્તિઓ આ સાથે ધોરણ અને વિષય પ્રમાણે આપવામાં આવેલ છે.
9. આપના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોડેલ ઓફિસરને કસોટીપત્રોની CD લેવા માટે અત્રેથી જે તારીખ જણાવવામાં આવે તે તારીખે મોકલવાના રહેશે. જો સંજોગોવશાત નોડેલ ઓફિસર ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો જવાબદાર કર્મચારીને ઓથોરીટી પત્ર સાથે મોકલવાના રહેશે. જે તે જિલ્લાના શાસનાધિકારી, DEO તેમજ DPEO સંકલન કરીને કોઇ એક નોડેલ ઓફિસરને CD લેવા માટે મોકલી શકશે. પરીક્ષા સંબંધિત ગોપનીયતા જાળવવાની રહેશે.
10. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના રેટ કોન્ટ્રાકટ/ટેન્ડર ન હોય ત્યાં જિલ્લા પંચાયત/કોર્પોરેશનના થયેલ રેટ કોન્ટ્રાકટ મુજબ પણ મુદ્રણ કરાવી શકાશે. તેમજ શાળા કક્ષાએ વિતરણની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
11. કોવિડ-૧૯ અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

બિડાણ : ૧. પ્રતિનિધિત્વરૂપ અધ્યયન નિષ્પત્તિઓની યાદી ધોરણ અને વિષય પ્રમાણે
૨. દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ સમયપત્રક ધોરણ ૩ થી ૮

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

Scanned with CamScanner

# દ્વિતીય સત્રાંત પરીક્ષા ૨૦૨૧-૨૨ સમયપત્રક ધોરણ ૩ થી ૮

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧૮/૦૪/૨૦૨૨ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૧૯/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૩ થી ૫ | ગુજરાતી (પ્રથમ ભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૦/૦૪/૨૦૨૨ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૧/૦૪/૨૦૨૨ | ગુરુવાર | ૬ થી ૮ | ગુજરાતી (પ્રથમ ભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૨/૦૪/૨૦૨૨ | શુક્રવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૩/૦૪/૨૦૨૨ | શનિવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૫/૦૪/૨૦૨૨ | સોમવાર | ૬ થી ૮ | ગણિત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૬/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૪ થી ૫ | હિન્દી | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૬/૦૪/૨૦૨૨ | મંગળવાર | ૬ થી ૮ | હિન્દી | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૭/૦૪/૨૦૨૨ | બુધવાર | ૪ થી ૫ | અંગ્રેજી | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨૭/૦૪/૨૦૨૨ | બુધવાર | ૬ થી ૮ | અંગ્રેજી | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૮/૦૪/૨૦૨૨ | ગુરુવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |

Scanned with CamScan

મ.નં. મા-૧/૨૦૨૨/૩૦૬૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ-સુરત.
તા.૨૫/૨/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ-સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScanner